લોચન સેહરા I.A.S.
સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ
અને આઈ.જી.આર.

સત્યમેવ જયતે

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ અને
નોંધણીસર નિરીક્ષકની કચેરી
બ્લોક નં. ૧૪, પ્રથમ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦/બી,
ગાંધીનગર-૩૮૨૦૧૦ (ગુજરાત)
ફોન : ૯૧-૭૯-૨૩૨૩૭૭૭૪-૭૫
ફેક્સ : ૨૩૨૩૮૫૬૯
E-mail : stampd-gnr@gujarat.gov.in

૨૮

ક્રમાંક/વહટ/૮૩/૨૦૧૩/૩૦૭-૩૧૭૧
તા.૨૭-૦૨-૨૦૧૩
૨૮

પ્રતિ,
કલેક્ટરશ્રી,
કલેક્ટરશ્રીની કચેરી,
તમામ

વિષય:- વણ નોંધાયેલ ( Un-Register )સ્થાવર મિલકતના દસ્તાવેજો આધારે હકક પત્રકમાં નોંધ પાડવા તથા તેવી નોંધો પ્રમાણિત કરવા અંગે.

જય ભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૯૦૮ની કલમ-૧૭ થી થયેલ જોગવાઇ મુજબ જે દસ્તાવેજોનું રજીસ્ટ્રેશન ફરજીયાત છે, તેવા દસ્તાવેજોનું તેમાં વિગતે વર્ણન કરવામાં આવેલ છે.(નકલ અંગ્રેજીમાં સામેલ છે.)

રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૯૦૮ની કલમ-૪૯ (નકલ સામેલ છે.) થી થયેલ જોગવાઇ મુજબ જે દસ્તાવેજ રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૯૦૮ની કલમ-૧૭ અથવા મિલકત તબદીલી અધિનિયમ-૧૮૮૨ની કોઇપણ જોગવાઇ મુજબ રજીસ્ટર કરાવવો આવશ્યક હોય અને તે રજીસ્ટર કરવામાં આવ્યો ન હોય તો તે દસ્તાવેજ:

(A) તેમાં જણાવેલી કોઇ સ્થાવર મિલકતને અસર કરશે નહીં. અથવા
(B) દત્તક લેવાની સત્તા સોંપશે નહીં. અથવા
(C) તેવી મિલકત અંગેના કોઇ વ્યવહાર અથવા તેવી સત્તા સોંપવાના પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે નહીં.

રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૯૦૮ની કલમ-૧૭ થી થયેલ જોગવાઇ મુજબ સ્થાવર મિલકતની તબદીલીના (નામ ફેર)વ્યવહારના દસ્તાવેજો ફરજીયાત નોંધણીને પાત્ર હોય તેમાં યોગ્ય સ્ટેમ્પ ડયુટી વાપરીને સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજીસ્ટર કરાવવો ફરજીયાત બને છે.આવા લેખોની નોંધણી નહીં કરાવવાથી રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૯૦૮ની કલમ-૪૯ની જોગવાઇ મુજબ તે લેખ તેમાં દર્શાવેલ કોઇ સ્થાવર મિલકતને અસરકર્તા બનતો નથી. જેથી તેવા નોંધણી થયા વગરના લેખથી કોઇ મિલકત તબદીલ કરી શકાય નહીં.

અત્રેના ધ્યાન પર આવેલ છે કે,મામલતદારશ્રીઓ તથા અન્ય મહેસુલી અધિકારીઓશ્રી / કર્મચારીઓ દ્વારા સ્થાવર મિલકતની તબદીલીના (નામ ફેર)વ્યવહારના રજીસ્ટ્રેશન થયા વગરના (UNREGISTERED) દસ્તાવેજો આધારે હકક પત્રકમાં નોંધો પાડવામાં તથા તેવી નોંધો પ્રમાણિત કરવામાં આવે છે.આવા યોગ્ય સ્ટેમ્પ ડયુટી વાપર્યા વિનાના અને રજીસ્ટ્રેશન થયા વગરના દસ્તાવેજોના આધારે નોંધો પાડવા તથા પ્રમાણિત કરવામાં આવતા રાજયની મહેસુલી આવકને મોટું નુકસાન થઇ રહેલ છે. જીલ્લા/તાલુકાની મહેસુલી કચેરીઓનું એ.જી.કચેરી દ્વારા ઓડિટ કરવામાં આવે છે, ત્યારે સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ફી ના પેરાઓ

ઉપસ્થિત થાય છે અને વસુલાત સમયસર થઇ શકતી નથી તથા તે બાબતે P.A.C.માં ખુલાસા કરવાના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઇ રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૯૦૮ની કલમ-૧૭ તથા કલમ-૪૯ ની જોગવાઇ મુજબ સ્થાવર મિલકતની તબદીલીના રજીસ્ટ્રેશન નહી થયેલા (Unregistered) દસ્તાવેજો આધારે મિલકતની નામફેરની નોંધો નહીં પાડવા તથા આવી નોંધો પ્રમાણિત નહીં કરવા બાબતે આપના જીલ્લાના તાબાના મામલતદારશ્રીઓ/મહેસુલી અધિકારીશ્રી ઓને/તલાટીશ્રીઓને જરૂરી આદેશો આપવા.

આ બાબત સરકારશ્રીની મહેસુલી આવક સાથે સંકળાયેલ હોઇ અંગત રસ દાખવી તાત્કાલિક પગલા હાથ ધરવા.

બિડાણ- ઉપર મુજબ

સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ
અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

અધિક સચિવશ્રી મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી સુચનાઓ આપવા સારૂ

નકલ રવાના:-

(૧) નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તમામ તરફ જાણ સારૂ.

(૨) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રી તરફ જાણ સારૂ.

(૩) નોંધણી નિરીક્ષકશ્રી તમામ તરફ જાણ સારૂ. તથા તાબાના સબરજીસ્ટ્રારશ્રીઓને જાણ કરવા સારૂ

(૪) કચેરીની તમામ શાખાઓ તરફ જાણ સારૂ.